





ઈરાનમાં માસૂમિયતનો જનાજો

# 165 દીકરીઓની નાની નાની કબરો અને હચમચાવી દેતી અંતિમવિદાય

**ટ્રમ્પ** જે 'બચાવ'ની વાત કરતા હતા તેનું સત્ય આ માસૂમોના ક્ષત-વિક્ષત મૃતદેહો છે: ઈરાનના વિદેશ મંત્રી

તહેરાન, તા. 3: દક્ષિણ ઈરાનના મીનાબ શહેરમાં હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા છે, જ્યાં શનિવારે અમેરિકા-ઈઝરાયેલના હવાઈ હુમલામાં તોડી પડાયેલી પ્રાથમિક શાળાની 165 બાળકીઓ માટે નાની નાની કબરો ખોદવામાં આવી રહી છે. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ એક્સ પર સામૂહિક અંતિમવિધીની આ ભયાનક તસવીરો શેર કરતા આક્ષેપ કર્યો કે ટ્રમ્પ જે 'બચાવ'ની વાત કરતા હતા તેનું સત્ય આ માસૂમોના ક્ષત-વિક્ષત મૃતદેહો છે. ગત શનિવારથી શરૂ થયેલા આ યુદ્ધમાં આ સૌથી ઘાતક ઘટના છે, જેમાં અગાઉ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા ખામેનીનું પણ મોત થયું હતું.

અપરાઘચીએ કહ્યું હતું ગાઝાથી મિનાબ સુધી નિર્દોષોની ઠંડે કાળજે હત્યા કરાઈ છે. મંગળવારે યોજાયેલી આ સામુહિક અંતિમયાત્રામાં હજારો લોકોએ 'અમેરિકા મુર્દાબાદ'ના નારા લગાવ્યા હતા. એક માતાએ પોતાની દીકરી 'અતેના' અને અન્ય બાળકીઓના ફોટા બતાવીને તેને અમેરિકાના ગુનાનો પુરાવો ગણાવ્યો હતો. બીજી તરફ, અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ શાળાને જાણીજોઈને નિશાન બનાવ્યાનો ઈનકાર કર્યો છે, જ્યારે ઈઝરાયેલે આ વિસ્ફોટ માટે ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ પર શંકા વ્યક્ત કરી છે. આ દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રો સુરક્ષા પરિષદમાં મેલાનિયા ટ્રમ્પે 'બાળકો અને શિક્ષણ' પરની બેઠકની અધ્યક્ષતા કરી હતી, જેને ઈરાની રાજદૂતોએ 'ભયાનક દંભ' ગણાવ્યો હતો. નોબેલ વિજેતા મલાલા યુસુફઝાઈએ પણ આ બોમ્બમારોને 'યુદ્ધ અપરાધ' ગણાવી નિંદા કરી છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ ફેલાતા અમેરિકાએ યુએઈ, કુવૈત અને કતાર સહિત છ દેશોમાંથી પોતાના બિન-જરૂરી કર્મચારીઓને પાછા બોલાવ્યા છે.

રોનાલ્ડોનું જેટ રવાના: હાઈ-પ્રોફાઈલ સેલિબ્રિટીઝે પણ સુરક્ષિત આશ્રયસ્થાન તરફ દોટ મૂકી

# દુબઈથી ભાગવા ધનિકોમાં મચી દોડધામ

**રણના** માર્ગે ઓમાન-સાઉદી પહોંચ્યા, ખાનગી જેટ માટે ₹2.8 કરોડ સુધીનો ખર્ચ

દુબઈ/મસ્કત, તા. ૩ : ઈરાનના હુમલા બાદ દુબઈનું 'ડ્રીમ' હવે દુઃસ્વપ્નમાં ફેરવાઈ રહ્યું છે. યુદ્ધની જ્વાળાઓથી બચવા માટે દુબઈમાં વસતા અતિશ્રીમંત વિદેશીઓ જીવ બચાવીને ભાગી રહ્યા છે. એરસ્પેસ બંધ હોવાથી લોકો પોતાની લક્ઝરી કારો લઈને રણના માર્ગે પાડોશી દેશ ઓમાન અને સાઉદી અરેબિયા પહોંચી રહ્યા છે, જેથી ત્યાંથી ફ્લાઈટ પકડી શકાય.

દુબઈ અને અબુ ધાબી પર ઈરાનના વળતા પ્રહાર બાદ અહીં રહેતા અમીર પરિવારોમાં ગભરાટ ફેલાયો છે. ખાનગી જેટ બુકિંગમાં 55% નો જંગી ઉછાળો જોવા મળ્યો છે. સ્થિતિ એવી છે કે પરિવારો અને પાલતુ પ્રાણીઓ સાથે સુરક્ષિત બહાર નીકળવા માટે લોકો 260,000 (આશરે 2.88 કરોડ) જેટલી મોટી રકમ ચૂકવી રહ્યા છે. જ્યારે 13 સીટના નાના વિમાનમાં એક સીટનું ભાડું 20,000 (આશરે 22.14 લાખ) વસૂલવામાં આવી રહ્યું છે.

ઘણા મલ્ટિ-મિલિયોનેર્સ પોતાની લક્ઝરી ફેરારી અને અન્ય સ્પોર્ટ્સ કાર લઈને 5 થી 11 કલાકની ડ્રાઈવ કરીને મસ્કત (ઓમાન) અથવા રિયાધ (સાઉદી અરેબિયા) પહોંચી રહ્યા છે. ફૂટબોલ સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું 675 કરોડનું ખાનગી જેટ પણ મધ્યરાત્રિએ સાઉદી છોડીને રવાના થયું હોવાના અહેવાલ છે, જે ક્ષેત્રમાં વધતા તણાવનો સંકેત આપે છે.

# બ્રિટિશ બેઝના રક્ષણ માટે ફ્રાન્સે યુદ્ધ જહાજો મોકલ્યા

**ઘરઆંગણે** આકરી ટીકા બાદ બ્રિટિશ વડાપ્રધાન પણ 'એક્શન મોડ'માં આવવા મજબૂર



લંડન/નિકોસિયા, તા. ૩:

સાયપ્રસમાં આવેલા બ્રિટિશ સૈન્ય બેઝ પર ઈરાન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલા બાદ પશ્ચિમી દેશોમાં ખળભળાટ મચી ગયો છે. બ્રિટનની પોતાની સુરક્ષા કરવાની ક્ષમતા પર સવાલો ઉભા થતા, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને તાકીદે હસ્તક્ષેપ કરીને આ વિસ્તારમાં યુદ્ધ જહાજો અને અત્યાધુનિક એન્ટી-એર એટેક સિસ્ટમ્સ મોકલવાનો આદેશ આપ્યો છે.

રવિવારે રાત્રે સાયપ્રસમાં આવેલા બ્રિટિશ એરબેઝ 'RAF અક્રોતિરી' પર ઈરાની ડ્રોને હુમલો કર્યો હતો. આ હુમલાએ બ્રિટિશ એર ડિફેન્સ સિસ્ટમને ભેદીને નુકસાન પહોંચાડ્યું હતું. જોકે અધિકારીઓના જણાવ્યા અનુસાર નુકસાન 'નજીવું' હતું અને કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ તેહરાને જે રીતે બ્રિટિશ સુરક્ષા કવચમાં ગાબડું પાડ્યું તેનાથી લંડનમાં ચિંતાના વાદળો છવાયા છે. ફ્રાન્સે હવે તેની બે ફ્રિગેટ્સ અને 'ચાર્લ્સ ડી ગોલે' એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને બાલ્ટિક સમુદ્રથી ખસેડીને મેડિટેરેનિયન (ભૂમધ્ય સમુદ્ર) વિસ્તારમાં તૈનાત કરવા આદેશ આપ્યો છે.

આ ઘટનાએ બ્રિટિશ સૈન્યની વર્તમાન નબળાઈઓ છતી કરી છે. વિદેશ મંત્રી યવેટ કૂપરે દાવો કર્યો છે કે બેઝ પર F-35 જેટ્સ અને રડાર સિસ્ટમ્સ ઉપલબ્ધ છે, પરંતુ હકીકત એ છે કે બ્રિટનના શક્તિશાળી 'ટાઈપ 45 ડિસ્ટ્રોયર્સ' હાલમાં પોર્ટ્સમાઉથ બંદર પર લાંગરેલા છે. પરિણામે, બ્રિટને પોતાના જ બેઝના રક્ષણ માટે ફ્રાન્સ અને જર્મની જેવા સાથી દેશોની મદદ પર નિર્ભર રહેવું પડી રહ્યું છે. સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલાઈડ્સે પણ ફ્રાન્સ અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ પાસે વધારાની નૌકાદળ સુરક્ષાની માંગ કરી છે.

**સ્ટાર્મર સરકારની ટીકા**

વડાપ્રધાન સર કીર સ્ટાર્મર હાલમાં આકરી ટીકાનો સામનો કરી રહ્યા છે. વિપક્ષ અને સંરક્ષણ નિષ્ણાતો માને છે કે ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયેલના કડક વલણ સામે સ્ટાર્મરની 'અતિ-સાવધ' નીતિને કારણે બ્રિટિશ હિતો જોખમમાં મુકાયા છે. જોકે, દબાણ વધતા હવે બ્રિટિશ સરકાર HMS ડંકન નામના યુદ્ધ જહાજને સાયપ્રસ મોકલવા અંગે ગંભીરતાથી વિચાર કરી રહી છે, પરંતુ હજુ સુધી આ અંગે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.



# ખાડીના બંદરો પર હજારો ક્રૂઝ મુસાફરો કેદ

**બહાર** નીકળવાના તમામ માર્ગો બંધ

**યુદ્ધના** કારણે વીમા કવચ છીનવાયું, જહાજો માટે સમુદ્ર ખેડવો હવે જોખમી

દુબઈ/દોહા, તા. ૩ : ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચે વણસેલા યુદ્ધના કારણે હવે પ્રવાસન ક્ષેત્રે પણ મોટી કટોકટી સર્જાઈ છે. મધ્ય પૂર્વના સમુદ્રમાં મુસાફરી કરી રહેલા હજારો પર્યટકો અને ક્રૂ મેમ્બર્સ હાલ ખાડીના વિવિધ બંદરો પર ફસાઈ ગયા છે. સુરક્ષાના કારણોસર જહાજોને બંદર છોડવાની મનાઈ ફરમાવવામાં આવતા આ આલીશાન ક્રૂઝ હવે માત્ર 'ફ્લોટિંગ હોટલ્સ' બનીને રહી ગયા છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, દુનિયાની ટોચની ક્રૂઝ કંપનીઓના ઓછામાં ઓછા છ મોટા જહાજો હાલ દુબઈ અને દોહાના બંદરો પર સ્થગિત અવસ્થામાં છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં વધતા જોખમને કારણે કેપ્ટનોએ તમામ નિર્ધારિત પ્રવાસો રદ કર્યા છે. યુદ્ધની સ્થિતિને પગલે વીમા કંપનીઓએ આ વિસ્તારમાં કવરેજ આપવાનું બંધ કરી દીધું છે અથવા પ્રીમિયમમાં અધધ વધારો કર્યો છે, જેના કારણે જહાજોનું સંચાલન ટેકનિકલ રીતે ઠપ થઈ ગયું છે.

હાલમાં કોઈ 'સેફ કોરિડોર' ઉપલબ્ધ ન હોવાથી મુસાફરો જહાજની બહાર નીકળી શકે તેમ નથી. આ સ્થિતિ લાંબી ચાલશે તો જહાજ પર ખોરાક, પાણી અને અન્ય પાયાની સુવિધાઓનો પુરવઠો કેવી રીતે જાળવવો તે અંગે ક્રૂઝ કંપનીઓની ચિંતા વધી ગઈ છે. વિન્ટર સીઝનની પીક પર હોવા છતાં, આ સેક્ટર અત્યારે ઈતિહાસની સૌથી મોટી ઓપરેશનલ કટોકટીનો સામનો કરી રહ્યું છે.



# ઈરાનનું ડ્રોન 'મધરશિપ' સમુદ્રમાં ગર્ક

**અમેરિકાએ** 'ઓપરેશન એપિક ફ્યુરી' હેઠળ ઈરાનના સૌથી મોટા યુદ્ધ જહાજને ફૂંકી માર્યું
કુલ 11 જહાજોની જળસમાધિ

વોશિંગ્ટન/તેહરાન, તા. ૩ : અમેરિકી સૈન્યએ ઈરાન વિરુદ્ધ ચાલી રહેલા જંગમાં એક મોટી લશ્કરી સફળતા મેળવી છે. પશ્ચિમી દેશો અને અમેરિકી સૈન્ય મથકો પર ડ્રોન હુમલા કરવા માટે વપરાતા ઈરાનના સૌથી મોટા યુદ્ધ જહાજ 'શાહિદ બાઘેરી'ને અમેરિકાએ એક શક્તિશાળી હુમલામાં તોડી પાડ્યું છે. આ જહાજ ઈરાનનું મુખ્ય 'ડ્રોન કેરિયર' ગણાતું હતું. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ એ પુષ્ટિ કરી છે કે 'ઓપરેશન એપિક ફ્યુરી' શરૂ થયાના ગણતરીના કલાકોમાં જ આ ઈરાની મધરશિપને નિશાન બનાવવામાં આવ્યું હતું. ૧૮૦ મીટર લાંબો ફ્લાઈટ ડેક ધરાવતું આ જહાજ વર્ષ ૨૦૨૨ માં કોમર્શિયલ શિપમાંથી ડ્રોન લોન્ચ પેડમાં ફેરવવામાં આવ્યું હતું. તે ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા સંચાલિત હતું અને તેના પરથી ડ્રોન, હેલિકોપ્ટર અને મધ્યમ અંતરની એર ડિફેન્સ સિસ્ટમ્સ તૈનાત કરવામાં આવી હતી. અમેરિકાએ ઈરાનના એ દાવાઓને પણ સખત શબ્દોમાં ફગાવી દીધા છે જેમાં તેહરાને અમેરિકી એરક્રાફ્ટ કેરિયરને ડુબાડી દીધું હોવાનો પ્રચાર કર્યો હતો. CENTCOM એ સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, "ઈરાનનું જૂઠું ફેલાવવાનું મશીન ખોટા દાવા કરી રહ્યું છે. હકીકતમાં, જો કોઈ કેરિયર ડૂબ્યું હોય તો તે માત્ર ઈરાનનું ડ્રોન કેરિયર શાહિદ બાઘેરી છે."

# ટ્રમ્પનો સ્ટાર્મર પર પ્રહાર: 'બ્રિટન હવે ખાસ મિત્ર નથી'

**અમેરિકા** અને ઈઝરાયેલના હુમલાઓમાં સામેલ ન થવાનો નિર્ણય સૈદ્ધાંતિક: બ્રિટીશ વડા પ્રધાન

લંડન, તા. 3 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરની આકરી ટીકા કરતા કહ્યું તેઓ બહુ મદદરૂપ નથી. લંડનના અખબાર 'ધ સન'ને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે જણાવ્યું કે, ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હુમલાઓ અંગે બ્રિટેનનું વલણ નિરાશાજનક છે.

તેમણે અફસોસ વ્યક્ત કર્યો કે બ્રિટેન અને અમેરિકા વચ્ચેના જે 'ખાસ સંબંધો' હતા, તે હવે પહેલા જેવા રહ્યા નથી. ટ્રમ્પે ફ્રાન્સ અને જર્મની જેવા અન્ય યુરોપિયન દેશોના વલણના વખાણ કર્યા, પરંતુ બ્રિટેન દ્વારા અમેરિકી દળોને એરબેઝ વાપરવાની મંજૂરી આપવામાં થયેલા વિલંબ પર નારાજગી વ્યક્ત કરી.

બીજી તરફ, વડા પ્રધાન કીર સ્ટાર્મરે સંસદમાં પોતાનો પક્ષ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે તેમની લેબર સરકાર 'આકાશમાંથી શાસન પરિવર્તન' કરવામાં માનતી નથી. તેમણે ઈરાક યુદ્ધના પાઠોને યાદ કરતા કહ્યું કે કોઈપણ સૈન્ય કાર્યવાહી માટે કાયદેસરનો આધાર હોવો જરૂરી છે. સ્ટાર્મરે ઉમેર્યું કે તેમણે અમેરિકા અને ઈઝરાયેલના આક્રમક હુમલાઓમાં સામેલ ન થવાનો નિર્ણય સિદ્ધાંતોને આધારે લીધો છે, જોકે રક્ષણાત્મક કાર્યવાહી માટે અલગથી વિચારણા કરી શકાય છે.

આ દરમિયાન, બ્રિટિશ ચાન્સેલર રશેલ રીવ્સે ગૃહમાં જણાવ્યું કે અનિશ્ચિત વૈશ્વિક સ્થિતિમાં સરકાર પાસે યોગ્ય આર્થિક યોજના છે. જોકે, નિષ્ણાતો માને છે કે ઈરાન યુદ્ધને કારણે વૈશ્વિક તેલના ભાવમાં મોટો ઉછાળો આવશે, જેની સીધી અસર બ્રિટેનમાં મોંઘવારી અને લોકોના જીવનનિર્વાહના ખર્ચ પર પડશે.

વડોદરા લિટરેચર ફેસ્ટ ૪.૦ નું સફળ સમાપન : મહાનુભાવોનો મેળાવડો

# ભારતની સાચી તાકાત તેની વિવિધતામાં: પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ

**પારૂલ** યુનિ.ના લિબરલ આર્ટ્સ ફેકલ્ટીના વડોદરા લિટરેચર ફેસ્ટનું સફળ સમાપન: ૧૫,૭૮૬ દર્શકો સાથે ૫૩ અગ્રણીઓની ઉપસ્થિતિ

વડોદરા, બુધવાર: ભારતની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવતી પારૂલ યુનિ.ના ફેકલ્ટી ઓફ લીબરલ આર્ટસ દ્વારા તાજેતરમાં વડોદરા લિટરેચર ફેસ્ટની ચોથી આવૃત્તિનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. નવા વિચારો, સંવાદ અને બૌદ્ધિક ચર્ચાઓ માટેના એક મજબૂત પ્લેટફોર્મ તરીકે પોતાની ઉપસ્થિતિને મજબૂત કરતાં લિટરેચર ફેસ્ટની વર્તમાન આવૃત્તિમાં વિવિધ ક્ષેત્રોમાં સર્વોચ્ચ પદો ઉપર સેવા આપનાર મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને સાહિત્યમાં રૂચિ ધરાવતા ૧૫,૭૮૬



અનિલ સ્વરૂપ

શ્રોતાઓએ એક છત નીચે ઉપસ્થિત રહ્યાં હતાં. ભારત સરકારમાં પૂર્વ સચિવ અનિલ સ્વરૂપ સહિતના મહાનુભાવોએ શાસન, લોકતંત્ર, કાયદો, જાહેર નીતિ, સાહિત્ય સહિતના મહત્વપૂર્ણ વિષયો ઉપર વિસ્તારપૂર્વક સંવાદ અને પોતાના અનુભવો વ્યક્ત કર્યો હતો.

એક રસપ્રદ સેશનમાં ભૂતપૂર્વ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડે જણાવ્યું હતું કે, બંધારણ તમને અધિકારો ૧ આપે છે, પરંતુ બીજા લોકોના અધિકારોને પણ સમજવાની અને સ્વીકારવાની જરૂર છે. ત્યારે જ સમાજમાં યોગ્ય સંતુલન સાધી શકાશે. આપણી પાસે અભિવ્યક્તિનો અધિકાર છે, પરંતુ તેનો ઉપયોગ એવી રીતે ન કરી શકાય કે જેનાથી બીજા લોકોની અભિવ્યક્તિના અધિકાર પ્રત્યે નફરત પેદા થાય.

તેમણે ઉમેર્યું હતું કે, આપણો દેશ વૈવિધ્યસભર છે. ભારતની સાચી તાકાત તેની વિવિધતામાંથી આવે છે. તેથી એકબીજાનો આદર કરો. એકબીજાને સમજો. અલગ-અલગ



ડી. વાય. ચંદ્રચુડ

વિષયો વાંચો. તમારાથી જે પરિચિત છે તેનાથી અલગ વાંચો, હંમેશા તમારી સમજણથી આગળ વધવાનો પ્રયાસ કરતા રહો.

જો તમે બીજા લોકોની તમને ચોંકાવી દેવાની ક્ષમતાને સ્વીકારશો નહીં, તો તમે વિકાસ પામશો નહીં. વીએલએફ ફેસ્ટ વિશે વાત કરતા તેમણે કહ્યું,



અંકુર વારિકૂ

"સાહિત્ય માત્ર તમારા મનોરંજન કે હળવાશ પૂરતું સીમિત હોવું જોઈએ નહીં." તે તમને નવો દ્રષ્ટિકોણ આપશે, તમને પડકારશે અને તમને વિચારવા માટે મજબૂર કરશે.

અગાઉની ત્રણ આવૃત્તિઓની સફળતાને આગળ ધપાવતા લિટરેચર ફેસ્ટની ચોથી આવૃત્તિમાં દેશના વિવિધ ક્ષેત્રોમાં સર્વોચ્ચ પદે સેવા આપનાર અગ્રણીઓ સામેલ થયાં હતાં, જેમાં પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ, ભારત સરકારના પૂર્વ સચિવ અનિલ સ્વરૂપ, પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશી, જાણીતા લેખિકા શોભા ડે, ઉદ્યોગ સાહસિક અને લેખક અંકુર વારિકૂ, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના પૂર્વ વડા વિક્રમ સૂદ, કાજલ ઓઝા વૈદ્ય સહિતના ૫૩ અગ્રણીઓનો સમાવેશ થાય છે.

## દરેક વ્યક્તિ ખાસ છે, પોતાની જાતમાં વિશ્વાસ કરો: અંકુર વારિકૂ

વડોદરા લિટરેચર ફેસ્ટની ચોથી આવૃત્તિમાં વિશેષ કરીને વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન કરતાં લેખક અને ઉદ્યોગ સાહસિક અંકુર વારિકૂએ આત્મવિશ્વાસ અને વ્યક્તિગત વિકાસ અંગે કહ્યું હતું કે, દરેક વ્યક્તિમાં કંઈક ખાસ હોય છે. જો તમે પોતાની જાતમાં વિશ્વાસ કરો અને લક્ષ્યને હાંસલ કરવાનો પ્રયાસ કરશો તો તમને ખ્યાલ આવશે કે કેટલાં બધા લોકો તમારામાં વિશ્વાસ અને પ્રેમ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, જે લોકો સોશિયલ મીડિયા ઉપર ખરા અર્થમાં વિકાસ કરે છે તેઓ પોતાની જાત પ્રત્યે સાચા હોય છે. તેમણે ઉપસ્થિત લોકોને સલાહ આપી હતી કે હારવું મહત્વપૂર્ણ નથી, પરંતુ તેમાંથી શીખવું મહત્વપૂર્ણ છે.

## મનગમતી વસ્તુ માટે સમય ફાળવો : અનિલ સ્વરૂપ

ગવર્નન્સ અને લીડરશીપ અંગેના રસપ્રદ સેશનમાં અનિલ સ્વરૂપે જીવનમાં ફોક્સ, હિંમત અને ચારિત્ર્યના સિધ્ધાંત ઉપર ભાર મૂકતાં કહ્યું હતું કે, જે કાર્ય તમે નથી કરી શકતા તેના માટે સમય બગાડશો તો તમે જે કરી શકો છો તેના માટે સમય રહેશે નહીં. તેમણે યુવાનોને તેમની મર્યાદાઓ ઉપર ધ્યાન આપવાની જગ્યાએ પરિણામ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કર્યાં હતાં. લીડરશીપ વિશે તેમણે ઉમેર્યું હતું કે, તમારું સાચું ચરિત્ર જ્યારે તમે નીચા હોદ્દા ઉપર હશો ત્યારે જોવા મળશે, નહીં કે ઉપરના હોદ્દા ઉપર હોવ ત્યારે.

# અમેરિકાના ઓસ્ટિનમાં ગોળીબાર: ભારતીય મૂળની વિદ્યાર્થિનીનું મોત

**સવિતા** શાન સહિત ચારનાં મોત થયા, 14 ઈજાગ્રસ્તોમાં એક ભારતીય વિદ્યાર્થી
હુમલાખોરના નિવાસસ્થાનેથી ઈરાની ધ્વજ અને ઉગ્રવાદી લખાણો મળી આવ્યા



હ્યુસ્ટન, તા. 3 (પીટીઆઈ): અમેરિકાના ટેક્સાસ રાજ્યના ઓસ્ટિન શહેરમાં રવિવારે મોડી રાત્રે એક બારની બહાર થયેલા અંધાધૂંધ ગોળીબારમાં 21 વર્ષીય ભારતીય-અમેરિકન વિદ્યાર્થિની સવિતા શાન સહિત ચાર લોકોનાં મોત થયાં છે. આ ઘટનાને ત્રાસવાદી હુમલાના પાસાથી પણ તપાસવામાં આવી રહી છે. સવિતા શાન યુનિવર્સિટી ઓફ ટેક્સાસની તેજસ્વી વિદ્યાર્થિની હતી અને ગ્રેજ્યુએશન પૂરું કરવાના આરે જ હતી. ઓસ્ટિન પોલીસના જણાવ્યા અનુસાર, અન્ય મૃતકોમાં 19 વર્ષીય રાઈડર હેરિંગ્ટન અને હુમલાખોર પોતે સામેલ છે.

આ ભયાનક ઘટના ત્યારે બની જ્યારે 53 વર્ષીય હુમલાખોર ન્ડિયાગા ડાયગ્નેએ પોતાની એસયુવી કારમાંથી ઉતરીને રાઈફલ વડે ભીડભાડ વાળા મનોરંજન વિસ્તારમાં ગોળીબાર શરૂ કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, હુમલાખોર મૂળ સેનેગલનો હતો અને અમેરિકાનો નાગરિક હતો. તપાસ દરમિયાન હુમલાખોરના નિવાસસ્થાનેથી ઈરાની ધ્વજ અને ઉગ્રવાદી લખાણો મળી આવ્યા છે, જેના કારણે એફબીઆઈ (એફબીઆઈ) હવે આ હુમલાના આંતરરાષ્ટ્રીય કે કટ્ટર વિચારધારા સાથેના જોડાણની તપાસ કરી રહી છે. ખાસ કરીને તાજેતરમાં ઈરાન પર થયેલા હુમલા અને ઈરાનના વળતા પ્રહાર બાદ અમેરિકામાં સુરક્ષા ચિંતાઓ વધી છે ત્યારે આ ઘટનાએ ટેક્સાસના ભારતીય સમુદાય અને ટેકનોલોજી પ્રોફેશનલ્સને ચિંતાતુર કર્યા છે.

આ હુમલામાં 14 લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે, જેમાં અન્ય એક ભારતીય મૂળનો વિદ્યાર્થી કરણ ભક્ત પણ સામેલ છે, જેને માથાના ભાગે ઈજા થઈ છે.